# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૨ તા.૧૫-૯-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- મધ્યાહ્ન ભોજન યોજના અન્વયે શાળામાં કામ કરતા કુક કમ હેલ્પર્સ માનદ્ વેતન ચૂકવણા બાબત.

સંદર્ભ :- ક્રમાંક મભય/અસ/માનદ્ વેતન/વશી/તા.૧૫-૯-૨૦૧૮ નાયબ કલેકટરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અમદાવાદ શહેરનો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, મ્યુનિ. શાળાઓમાં મધ્યાહ્ન ભોજન આપતી સ્ત્રી શક્તિ અને અક્ષયપાત્ર સંસ્થા દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. મ્યુનિ. શાળામાં સમયસર ભોજન આવે, વિદ્યાર્થીઓને સમયસર ભોજન પીરસાય અને વિદ્યાર્થીઓ હાથ ધોઈને ભોજન લે તે અંગેનું મોનીટરીંગ શાળાકક્ષાએથી થતું હશે જ.

મધ્યાહ્ન ભોજન આપતી સંસ્થાઓના(સ્ત્રી શક્તિ/અક્ષયપાત્ર) કુક કમ હેલ્પર્સના માનદ્ વેતનની ચુકવણી કરવા અંગે તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ દર માસની ૧ થી ૩ તારીખ સુધીમાં શાળાના કુક કમ હેલ્પર્સની હાજરી તેમજ કામગીરી બાબતના પ્રમાણપત્ર સંબંધિત સંસ્થા(સ્ત્રી શક્તિ/અક્ષયપાત્ર)ને મોકલી આપવી જેથી સમયસર માનદ્ વેતન થઈ શકે . જૂન-૧૮માસના માનદ્ વેતનની ચૂકવણી થઈ ગયેલ છે પરંતુ શાળાના જૂન-૧૮ના પ્રમાણપત્રો આપવાના બાકી હોય તેઓએ જૂન-૧૮ના પ્રમાણપત્રો મોકલી આપવાના રહેશે.

તા.૧૫-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી